।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।

।। आयओ गुरुबहुमाणो ।।

# Vision-જિનશાસન

## સ્વપ્નિલ દશ્યને સર્જતી સ્વપ્નિલ દષ્ટિ

## પ્રિયમ્

अहो श्रुतम्

શા. બાબુલાલજી સરેમલજી

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

ભાદરવો, વિ. ૨૦૭૬

**જિનશાસન Series** : સ્વપ્ન જિનશાસન, Steam જિનશાસન, Dream જિનશાસન, My જિનશાસન, For જિનશાસન, Enlight જિનશાસન, Enlight જિનશાસન (શોર્ટર)

# Let's Start

આંખોમાં શાસનનું અંજન આવી જાય...
હૈયામાં શાસન પ્રત્યે હેત આવી જાય...
મન શાસનનું માશુક થઈ જાય.
**રોમે રોમે શાસનનો રાગ વસી જાય...**
**શ્વાસે શ્વાસે શાસનની વેદનાનો સણકો પ્રગટે...**
**આત્માનો પ્રદેશે પ્રદેશ શાસનના પ્રેમમાં પાગલ બની જાય..**
આખું ય અસ્તિત્વ શાસનનું આશિક બની જાય...
જીવન ખુદ શાસનનું જીવન બને....
આપણી મોક્ષયાત્રાની ખરી શરૂઆત આ હશે.
ઘર, પરિવાર, પૈસો ને શરીર પાછળ પાગલ બનીને
સંસારમાં તો ઘણું ભટક્યા

**ચાલો,**
**હવે મોક્ષયાત્રાની શરૂઆત કરીએ**
**ખરી શરૂઆત.**

# ભક્તિ ? કે પછી ...?

૫ લાખ રૂપિયાનો ચડાવો લેનારને
મુનિમ રિકવેસ્ટ કરે છે,
'સાધારણમાં ૫૦૦૦ લખાવો ને.'
ને મોઢું થોડું કટાણું થાય છે.
મન નાનું થાય છે.
'જોઈશું' કહીને વાત ઠેલી દેવામાં આવે છે.
આ શું થાય છે ? ખબર છે ?
દાદા કહે છે, 'મને આ ઝોળીમાં નહીં,
આ ઝોળીમાં આપ.'
આપણે કહીએ છીએ - 'નહીં.
મારે તો આ ઝોળીમાં આપવું છે.'
દાદા કહે છે, 'જરૂર આ ઝોળીમાં છે.'
આપણે કહીએ છીએ -
'પણ મારો ભાવ અહીં આપવાનો છે.'

દાદા કહે છે – ‘જ્યાં જરૂર હોય
ત્યાં આપવામાં વધારે લાભ છે.’
આપણે કહીએ છીએ –
‘પણ મારે તો આપની ભક્તિ કરવી છે.’
**દાદા કહે છે – ‘આ મારી મોટી ભક્તિ છે.**
**મારા તીર્થનું જે અંગ સીદાઈ રહ્યું હોય,**
**એની સેવા કરવી એ મારી શ્રેષ્ઠ ભક્તિ છે.’**
આપણે કહીએ છીએ
‘વાત સાચી... પ...ણ... જોઈશું.’
દાદા જોતા રહી જાય છે.
આપણે રવાના થઈ જઈએ છીએ.
હું નથી કહેતો કે
આપણામાં વિવેક નથી,
હું નથી કહેતો કે આપણામાં ભક્તિ નથી,
હું કહું છું કે આપણામાં કોમન સેન્સ પણ નથી.
**બધા આપણા જેવા જ ભેગા થયા હોય,**

**તો પછી તીર્થ ચાલે કઈ રીતે ?**
એક ઝોળી ઉભરાઈ જાય
એની બે આડઅસર હોય છે.
બીજી ઝોળી ખાલી રહે છે
અને પહેલી ઝોળી ફસ્કી જાય છે.
આપણે કદી વિચાર કર્યો છે ?
કે આપણી આવી નીતિથી સંઘો અને તીર્થો
કેવી મુશ્કેલીમાં મુકાઈ જાય !!!
દાદા હોઠ ખોલે તો સ્પષ્ટ કહે
કે ‘મારી આજની જરૂર એવી છે
કે તું ૫૦૦૦ નો ચડાવો લે,
ને ૪,૯૫,૦૦૦ સાધારણમાં લખાવ.
**એ રૂપિયાને એવી રીતે લગાવ,**
**કે આખું પાલીતાણા મારું ભક્ત બની જાય.**
**એ રૂપિયાને એવી રીતે લગાવ,**
**કે આખા પાલીતાણામાં કોઈ મારી કે સાતે ક્ષેત્રની**

**સૂક્ષ્મ પણ આશાતના ન કરે,**
**એ રૂપિયાને એવી રીતે લગાવ**
**કે આવનારી સદીઓ સુધી આ તીર્થની રક્ષા થઈ જાય.**

જો તારે આવું કશું જ ન કરવું હોય,
ને આડેધડ તને જચે તેમ
લાખો-કરોડો રૂપિયા વાપરીને જતા રહેવું હોય,
તો સમજી લેજે,
કે તું મારી ભક્તિ કરીને નથી ગયો.
મારી ઉપાધિ[૧] વધારીને ગયો છે.'
તીર્થ એ દાદા જ છે.
તીર્થની દુર્દશાની ઐસી કી તૈસી કરીને
દાદાની કહેવાતી ભક્તિ ને કહેવાતી શાસનપ્રભાવના કરવી
ને એનાથી બેડો પાર માનવો
એ આપણા અજ્ઞાન સિવાય બીજું કશું જ નથી.

---

૧. હકીકતમાં પ્રભુ નિરુપાધિ છે. તીર્થની બાહ્ય પરિસ્થિતિની અપેક્ષાએ આ વાત સમજવી.

# ખરી ભક્તિ

કેટલાક એવા ય જીવો હોય છે.
જેમને પાલીતાણામાં વિધર્મીઓ કરતા પણ
પેઢી વધારે વિલન લાગે છે.
બસ,
આપણી સગવડ ઓછી પડી એટલે પેઢી ગુનેગાર ?
બીજા લોકો સતાવે એટલે પેઢી ગુનેગાર ?
આપણું ધાર્યું ન થયું એટલે પેઢી ગુનેગાર ?
આપણે ઉપર કચરો નાંખીએ એ ચાલે,
આપણે તીર્થના દુશ્મનને ધંધો કરી આપીએ એ ચાલે,
આપણે પૂજારીને નોટ પકડાવીને
એને ભ્રષ્ટાચાર શીખવાડીએ એ ચાલે,
આપણે જ્યાં-ત્યાં ઉપકરણો મુકી દઈએ એ ચાલે,
**આપણે તીર્થનિભાવ અને તીર્થરક્ષાનો**
**દીર્ઘદૃષ્ટિથી કોઈ જ વિચાર કર્યા વિના**

**આપણી (!) જાત્રા પતાવીને રવાના થઈ જઈએ એ ચાલે,**
**ફક્ત પેઢીનું કશું ન ચાલે, એમ ને ?**
દાદાની ખરી ભક્તિ એ કહેવાય,
કે જેણે પણ જેટલી પણ વ્યવસ્થા કરી
એનો હૃદયથી ઉપકાર માનીએ
દાદાની ખરી ભક્તિ એ કહેવાય,
કે આપણા તરફથી કોઈ તકલીફનો ઉમેરો ન કરીએ,
દાદાની ખરી ભક્તિ એ કહેવાય,
કે ઓલરેડી જે તકલીફ હોય એના નિવારણમાં
આપણે યથાશક્તિ સહયોગ આપીએ
**દાદાની ખરી ભક્તિ એ કહેવાય,**
**કે એક રૂપિયો ખરચતા પહેલા આપણે પૂછીએ**
**કે જરૂર કયા ક્ષેત્રમાં છે ?**
**દાદાની ખરી ભક્તિ એને કહેવાય**
કે આપણને પેઢી વ્યવસ્થાઓ આપે એની ભૂખ ન હોય

પણ હું પેઢીને વ્યવસ્થામાં ક્યાં ઉપયોગી બની શકું.
એ જ દૃષ્ટિ હોય,
દાદાની ખરી ભક્તિ એ કહેવાય
કે આપણે યથાશક્તિ તીર્થની રક્ષા અને સંવર્ધનના
કોઈ ને કોઈ ફિલ્ડમાં કાયમી રીતે ગોઠવાઈ જઈએ.
એક વાત કહું ?
અમારા એવા ગુરુભક્ત મહાત્મા હોય છે.
જે ગુરુના સેવક મહાત્માના પણ સેવક બને.
એમને સહાય કરે.
એમની સેવા કરે.
ગુરુ મહારાજના પડિલેહણ સાથે
એમનું પણ પડિલેહણ કરી આપે.
જેથી એ ગુરુ મહારાજની સાથે
સમયસર જિનાલયાદિમાં જઈ શકે.
ગુરભક્ત મહાત્મા સમજે છે,

કે એમની સેવા એ ગુરુ મહારાજની સેવા છે.
એમની ઉપેક્ષા એ ગુરુ મહારાજની ઉપેક્ષા છે.
એમના પ્રત્યેની શોક્યવૃત્તિ
એ ગુરુ મહારાજ પ્રત્યેની શોક્યવૃત્તિ છે.
**પેઢી એ દાદાની સેવક છે.**
**આપણી એના પ્રત્યે કઈ ભૂમિકા છે.**
**એના પરથી એ સાબિત થશે,**
**કે આપણી દાદા પ્રત્યેની કઈ ભૂમિકા છે.**
**કંઈ અડચણ હોય, તો હળીમળીને દૂર કરીએ,**
**ફક્ત માથે માછલા ધોવાની જ**
**આપણી વૃત્તિ હોય,**
**એ તો દાદાની પણ ઘોર આશાતના છે.**

*

# Actual Problem

અમારા ગુરુદેવ
અમને ભાવાવેશમાં આવીને કહેતા હતા,
'રૂપિયો' જોઈને જ
આ દેશમાં મોગલો આવ્યા.
ફક્ત લૂંટ કરીને જતા ન રહ્યા
સાથે સાથે રાજ પણ કર્યું.
દેશ આખો ગુલામ બન્યો.'
દેવદ્રવ્યનો થપ્પો એ ધર્મસ્થાનનું બહુ મોટું જોખમ છે.
જે જે મંદિરો જંગી આવક કરે છે.
તેને એક પછી એક
સરકાર કબ્જે કરતી જાય છે.
જો વૈદિકોની વિરાટ વસતી પણ
સરકારને અટકાવી નથી શકતી,
તો શું આપણે અટકાવી શકશું ખરા ?

**અરે, રૂપિયો તો જશે,**
**વહીવટ પણ જશે,**
**ને તીર્થ સુદ્ધા આપણા હાથમાંથી જશે.**
**શું આ રીતે દેવદ્રવ્યભક્ષણનો દોષ**
**આપણા માથે ય નહીં આવે ?**
એક બાજુ દેવદ્રવ્યનો ટેકરો હોય,
ને બીજી બાજુ સાધારણનો ખાડો હોય
ત્યારે ખાડો પણ સીદાય,
ને ટેકરો પણ સીદાય,
યા અંદર અંદર ગેરવહીવટ થાય.*
યા બહારથી કોઈની નજર બગડે
આ બધાના મૂળમાં આપણા અવિવેક સિવાય
બીજું કશું જ કારણ નથી.
**તીર્થની જરૂરિયાત એ છે**

૧. ગેરવહીવટ થઈ રહ્યો છે, એવો અર્થ ન લેવો.

**કે સમગ્ર જિલ્લો, એના પ્રત્યેક ગામ**
**અને સંપૂર્ણ શહેરને**
**દાદાનો, ગિરિરાજનો અને જૈન ધર્મનો**
**ઊંડો પરિચય કરાવવામાં આવે,**
તે માટે શૈક્ષણિક સંકુલો ઊભા કરી લૌકિક શિક્ષણ સાથે
આ વિષયોના ખાસ મહાત્માઓના વર્ગો રાખવામાં આવે,
તે માટે મહાત્માઓના પ્રવચનધારા વહાવતા
વિચરણો કરાવવામાં આવે.
તે માટે તે જિલ્લાના બધી જ જાતના મીડિયાતંત્રમાં
રસપ્રદ રીતે આ જ્ઞાન પીરસાવા લાગે,
**તે માટે વિવિધ નિબંધ સ્પર્ધાઓ, વક્તૃત્વ સ્પર્ધાઓ,**
**ક્વીઝ, કોર્સ, સ્કોલરશીપ, પરીક્ષા વગેરે યોજવામાં આવે.**
**તે માટે બોર્ડ્સ, બેનર્સ અને હોર્ડિંગ્સ**
**હજારોની સંખ્યામાં લગાડવામાં આવે.**
અને આ જ્ઞાન દ્વારા આખા વિસ્તારને બોલતો
કરી દેવામાં આવે.

તે માટે ડોળીવાળા, માળી, મુનિમ, સ્ટાફનો
સ્પેશિયલ કોર્સ - તાલીમશાળા ચલાવવામાં આવે.
ને તેના સર્ટિફિકેટના આધારે જ તેમને રોજી મળે
એવી વ્યવસ્થા કરવામાં આવે
આ માટે ભારતભરના એક્ટીવ શાસનપ્રેમી ગ્રુપ્સને
પેઢી આહ્વાહન કરે,
તે તે ગ્રુપને તે તે ક્ષેત્ર સોંપાય,
ભારતભરના સંઘો તે તે ગ્રુપને
સંપૂર્ણ આર્થિક બળ પૂરું પાડે,
દાદાની ઉત્કૃષ્ટ ભક્તિ આ રીતે સાકાર બને,
**Why Not ? કેમ આવું ન થઈ શકે ?**
**આપણે બહુ ગાંડા કાઢ્યા.**
**આજની અઢળક સમસ્યાઓ માટે**
**આપણે જ જવાબદાર છીએ.**
**હવે કંઈક સમજીએ**
**નહીં તો તીર્થની ખરી સમસ્યા આપણે પોતે જ હોઈશું.**

# *Loss ? or Benifit ?*

આપણે ત્યાં કેટલાક એવા ય શ્રાવકો છે.
જેમને કાળોચિત દાનની પ્રેરણામાં
દેવદ્રવ્યની હાનિ દેખાય છે...
''હાય હાય... પાઠશાળા પર આટલો ભાર...
જ્ઞાનપ્રસાર પર આટલો ભાર
સાધારણની આટલી બધી પ્રેરણા...
પૂજાના ચડાવા કરતા પણ વર્તમાનમાં
આમાં આપવામાં વધુ વિવેક...
વધુ લાભ... આ તે કેવી વાત ?
હાય.. હાય...
આ તો દેવદ્રવ્યની હાનિ થઈ ગઈ.''
**તેવાઓએ પોતપોતાના સંઘમાંથી**
**ઉપાશ્રય, પાઠશાલા, આયંબિલખાતું કઢાવી દેવા ન જોઈએ ?**
**એ બધું હશે**

**તો એના નિભાવના ફંડો કરવા પડશે,**
**એની તિથિઓ ને યોજનાઓ કરવી પડશે,**
**એટલી દેવદ્રવ્યની હાનિ નહીં થાય ?**
તેવાઓએ દેરાસરના પરિસરમાં લાગેલા
જીવદયા, સાધર્મિક ભક્તિ, વેયાવચ્ચ, અનુકંપાદાન...
વગેરે વગેરેની પ્રેરણા કરતા બોર્ડ્સ ભૂંસી દેવા પડશે,
તેવા બેનરો વગેરે કાઢી દેવા પડશે,
લોકો એ બધામાં દાન આપશે.
તો એમના દાનના બજેટમાં મર્યાદિતતા હોવાથી,
એટલી દેવદ્રવ્યમાં કપાત નહીં થાય ?
**તેવાઓના મતે**
**સાત ક્ષેત્ર હોવા જ ન જોઈએ,**
**ફક્ત જિનાલય અને જિનપ્રતિમા**
**બે જ ક્ષેત્રો હોવા જોઈએ,**
**કેમ કે જો લોકો બાકીના પાંચ ક્ષેત્રોમાં દાન આપશે,**

**તો એટલી દેવદ્રવ્યની હાનિ નહીં થઈ જાય ?**
ધારો કે તેવાઓએ
આ બધું જ કરી બતાવ્યું.
તો શું થશે ?
બીજા ખાતાઓ તો ખાલી થઈ જ જશે
દેવદ્રવ્ય પણ ખાલી થઈ જશે,
દેરાસર દેરાસર મટીને કંઈક બીજું જ થઈ જશે,
કારણ કે દેરાસરનો આધાર પણ બાકીના ક્ષેત્રો છે.
**ચતુર્વિધ સંઘ જ નહીં હોય**
**ને દેરાસરમાં લૌકિક પ્રવૃત્તિઓ થતી હશે,**
**તો દેરાસરનો અર્થ જ શું રહેશે ?**
**દેવદ્રવ્ય બેફામ જ્યાં-ત્યાં વપરાતું હશે,**
**તો દેવદ્રવ્યનો અર્થ જ શું રહેશે ?**
આવા દેવદ્રવ્યના ભક્તો
ખરા અર્થમાં દેવદ્રવ્યની ભક્તિ કરે છે ?

કે પછી દેવદ્રવ્યને જ નુકશાન કરે છે ?
**પાઠશાળામાં એક એક કોર્સ માટે**
**લાખો રૂપિયાના ઈનામો જાહેર થાય**
**એ પણ પરિણામદષ્ટિએ દેવદ્રવ્યની વૃદ્ધિ અને રક્ષા છે.**
પાલીતાણા અને તેની આજુ-બાજુ
ચોતરફ એવી શાળાઓ બને,
જેમાં ગિરિરાજ, દાદા અને જૈનત્વનું પણ
જબરદસ્ત શિક્ષણ આપવામાં આવે
એ પણ ફળદ્રષ્ટિએ દાદાની પૂજાનો કરોડોનો ચડાવો છે.
જડતા હશે તો આ બધું જુદું જુદું દેખાશે.
સમજદારી હશે તો આ બધું એક જ લાગશે.
**જડતાથી આપણા આત્માને અને સંઘને/તીર્થને**
**બંનેને નુકશાન છે,**
**સમજદારીથી બંનેને લાભ છે.**
**આપણે શું કરવું ? એ આપણે નક્કી કરવાનું છે.**

# મરી જજો પ...ણ...

સંઘના ઘરે ઘરે
હલકી કક્ષાના બીભત્સ ચિત્રો
અને હલકામાં હલકી કક્ષાના લખાણોવાળા
છાપાઓ આવે છે.
આપણે એનો કદી વિરોધ કર્યો ?
સંઘના ઘરે ઘરે
ડીશ એન્ટિના છે.
દુનિયાભરની છેલ્લામાં છેલ્લી કક્ષાની ચેનલો
ઉપલબ્ધ પણ છે.
ને ઓછા-વત્તા અંશે એનો ઉપયોગ પણ થઈ રહ્યો છે,
આપણે ક્યારે એનો વિરોધ કર્યો ?
આપણી દીકરીઓ અને વહુઓ
જે પહેરી રહ્યા છે,
તે હરગીઝ ચાલે એવું નથી

એનો આપણે ક્યારે વિરોધ કર્યો ?
સંઘના ઘરોમાં કયાં વ્યસનો
ને કયાં મહાવ્યસનો પ્રવેશી ચૂક્યા છે
એની શું આપણને કશી ખબર નથી ?
એના વિરોધના નામે આપણે શું કર્યુ ?
**સંઘની દીકરી એકલી**
**ઓસ્ટ્રેલિયા કે અમેરિકા જાય**
**એ ય ૧૮ વર્ષની ઉંમરે...**
**આપણો કોઈ જ વિરોધ નથી,**
**અને**
**આપણું બધું જ શૂરાતન**
**ધર્મમાં ડખા નાંખવામાં પ્રગટે છે.**
ઘરમાં શિયાળ
બહાર સિંહ બનીને
આપણે ગર્જીએ છીએ.

‘‘જોઉં છું તમે કઈ રીતે કરો છો...’’

‘‘તમારી તાકાત હોય તો કરી બતાવો...’’

Please, tell me,

Who are we ?

Jains ? or...

સોરી,

આવું તો વિધર્મીઓ પણ નથી કરતા.

**જિનવાણીનું પ્રસારણ**

**કે જિનવાણીનું અનુસરણ**

**એમાં આડે હાથે થયેલ અંતરાય પણ**

**આત્માનો સત્યાનાશ વાળવા સમર્થ છે.**

**તો પછી જાણી જોઈને કરેલા અંતરાયની તો**

**શું વાત કરવી ?**

હોટલ, થિયેટર, ક્લબ, પુલ, બિયર-બાર, ડિસ્કો થેક...

છેલ્લામાં છેલ્લી કક્ષાના પાપો

ને એ પાપો બિનધાસ્ત કરવાના સ્થાનો-
એ બધું જ ક્રિસ્ટલ ક્લિયર છે.
બધી જ કલુષિતતા ને બધી જ શંકાસ્પદતા
'ધર્મ' માં છે.
એના પર બિનધાસ્ત બ્લેમ્સ કરી શકાય છે.
એનાથી ડરી શકાય છે.
ના, એનો ડર ફેલાવી શકાય છે.
હજાર નવા પાપો છૂટથી ચાલુ થઈ શકે છે.
એક ધર્મને શરૂ થવા મરણિયો પ્રયાસ કરવો પડે છે.
ને એ શરૂ થવાને બદલે મરણ પામી જાય છે.
**દુર્લભબોધિત્વ... અનંત સંસાર અને ભયાનક ભવભ્રમણ**
**કરવા માટે આનાથી વધુ સચોટ ઉપાય બીજો કોઈ જ નથી,**
**તમારી તમને થોડી પણ દયા આવતી હોય**
**તો મરી જજો,**
**પણ આવો ધંધો સપનામાં પણ કરતા નહીં.**

# Who Big ?

જિનસાસનમાં આજે બે ચિત્ર દેખાય છે
ખૂબ સંપન્ન ખૂબ શક્તિશાળી
ખૂબ લાગવગવાળા મોટા માથાઓ
બધું જ જાણતા-સમજતા હોવા છતાં
પરમ માધ્યસ્થ્ય અને શ્રેષ્ઠ સ્થિતપ્રજ્ઞતા સાથે
બરફ જેવી ઠંડક સાથે
કશું જ ન જાણતા હોય એવી ધીર-ગંભીર ચિત્તવૃત્તિ સાથે
જ્ઞાતા-દૃષ્ટા ભાવ ધારણ કરીને બેઠા છે -
એવું એક દૃશ્ય દેખાય છે.
અને જેમની પાસે 'કંઈક' કહી શકાય એવું કંઈ નથી.
લગભગ માથે આભ ને નીચે ધરતી જેવી સ્થિતિ છે.
એવા કેટલાંક યુવાનો
શાસનની એક એક આપત્તિમાં
રઘવાયા બનીને લોહી-પાણી એક કરીને

ટાંચા સાધનો દ્વારા
એ આપત્તિના ડુંગરાને ઉખેડીને ફગાવી દેવાની
મથામણ કરતા દેખાય છે.
ને ક્યારેક આશ્ચર્યજનક રીતે
એમાં જ્વલંત સફળતા મેળવતા પણ દેખાય છે.
સફળતા ન પણ મળે
તો ય... તેઓ સફળ જ હોય છે.
શાસનસંવેદના મળે એથી મોટી સફળતા બીજી કઈ હશે ?
**એ યુવાનોની શાસનસંવેદનાની શ્રીમંતાઈ સમક્ષ**
**પેલા મોટા માથાઓ મને ભિખારી જેવા લાગે છે,**
**દયાપાત્ર લાગે છે,**
**તેમણે પોતાની આ દુર્દશા બદલ**
**પોક મુકીને રડવા જેવું છે.**
**ને વહેલામાં વહેલી તકે**
**આ દુર્દશામાંથી બહાર આવી જવા જેવું છે.**

# *Your Wish*

તમારી જે સંપત્તિ
જિનશાસનના કોઈ જ કામમાં નથી આવી
તે નરી વિપત્તિ છે.
તમારા જે સુખમાંથી
જિનશાસનને કોઈ જ ભાગ નથી મળ્યો
એ સુખ નથી
દુઃખોની લંગારનું એંજિન છે.
તમારું જે હાસ્ય
શાસનમાતાની અશ્રુધારાને લૂંછી નથી શકતું.
એ હાસ્ય તમને ધ્રુસકે ધ્રુસકે રડાવવાનું છે.
**તમારી જે બુદ્ધિથી**
**તમે 'તમારું' થી વધારે કશું જ વિચારી શકતા નથી**
**એ બુદ્ધિ તમને બહુ જ શોર્ટ ટાઈમમાં**
**તદ્દન જડ જેવા ભવોમાં ધકેલી દેવાની છે.**

તમારા જે સમયમાં
શાસન માટે કોઈ જ સમય નથી.
એ સમય તમારા ખરાબ સમયનું
ઈન્વીટેશન બની રહેવાનો છે.
બસ,
હવે બહુ થયું.
ક્યાં સુધી તમે મૂર્ખ બન્યા કરશો ?
જેટલું શાસનમાં લાગ્યું એટલું સાર્થક છે.
જેટલું શાસનમાં આપ્યું એટલું તમારું છે.
**જે બાકી રહ્યું**
**એમાં કશું જ બાકી રહેવાનું નથી.**
**એ બધું જ તમને ખલાસ કરીને**
**ખલાસ થઈ જવાનું છે**
**તમારે શું કરવું ?**
એ તમારે નક્કી કરવાનું છે.

# Easy Understanding

જીવ મોક્ષને તો બહુ પછી સમજે છે.
જીવ ધર્મને પણ પછી સમજે છે.
પુણ્ય, પાપ, પરલોક વગેરેની વાતો પણ
પહેલા તો એને તેલુગુ-મલયાલમ જેવી લાગે છે.
શાસન માટે કંઈક કરી છૂટવાની વાત પણ
પ્રાયઃ એને પારકા માટે ફના થવા જેવી
ને પડોશી માટે જાત ઘસવા જેવી લાગે છે.
જીવને very first જે ભાષા સમજાય છે.
તે છે લાગણીની ભાષા.
તમારે જીવને મોક્ષે પહોંચાડવો છે ?
એને ધર્મ પમાડવો છે ?
એને જિનશાસનનો ભક્ત બનાવવો છે ?
તો તમે એને ખૂબ લાગણી આપો.
એની અનુમોદના કરો.

એને હૂંફ આપો.
એને વાત્સલ્યથી નવડાવી દો.
પછી તમે જે કહેશો
તે સ્વીકારવું અને અનુસરવું એ તેના માટે
ખૂબ જ સરળ બની જસે.
આવું કાંઈ ન કરવું,
અને ઉગ્રતા લાવવી,
એકાન્તમાં કે જાહેરમાં એના દોષોને ભાંડવા,
વ્યક્તિગત બદનામી કરવી
એ એ જીવને મોક્ષથી દૂર લઈ જવાનો ઉપાય છે.
એને અધર્મ પમાડવાનો ઉપાય છે.
અને એને શાસનવિરોધી બનાવવાનો ઉપાય છે.
શાસન આવું કરવાનું કહેતું જ નથી.
શાસનને સમજ્યા વિના શાસનના કામ કરનારાઓથી
શાસનને ઘણું મોટું જોખમ હોય છે.

પ્લીઝ, તમે એવું નહીં કરતા.
હવામાં ગોળીબારની જેમ
પ્રવચન કે લેખનમાં 'દોષ' ની ખબર લઈ લેવી
એ જુદી વસ્તુ છે.
એ દોષ જેનામાં હોય એ વ્યક્તિની રુબરુમાં
કે જાહેરમાં સમાલોચના કરવી
એ જુદી વસ્તુ છે.
પહેલામાં કોઈનો Ego-hurt નથી થતો.
કોઈ અધર્મ પામે, શાસનદ્વેષી થાય
એવી સંભાવના નથી હોતી,
બીજામાં એવી સંભાવના પૂરી હોય છે.
વ્યક્તિ ખરાબ નથી, દોષ ખરાબ છે.
વ્યક્તિ તો સિદ્ધનો જ જીવ છે.
આવી પૂરી સભાનતા સાથે
વ્યક્તિને ખૂબ હેત આપીને

અનુમોદના અને પીઠબળ આપીને
સતત પ્રસન્નતા મુખ અને મીઠી ભાષા અપનાવીને
આગળ વધારશું
તો વ્યક્તિ પણ ધીમે ધીમે આગળ વધશે
શાસનના કાર્યો પણ થશે
અને આપણા આત્માનું પણ હિત થશે.
આનાથી વિપરીત વર્તનમાં
ત્રણેને નુકશાન થશે.
શાસનના નામે આપણે ક્યારે
આપણા Ego પર આવી ગયા હોઈએ છીએ.
કે શાસનના નામે શાસનવિરુદ્ધ વર્તન કરતા હોઈએ છીએ.
એ પણ આત્મનિરીક્ષણ કરવા જેવી વસ્તુ હોય છે.
ધર્મીએ તો ખાસ મીઠો વ્યવહાર જ કરવો જોઈએ
એનાથી સામી વ્યક્તિને ધર્મ માટે સદ્ભાવના પ્રગટે
એ પણ બહુ મોટી સિદ્ધિ હોય છે.

# વિશ્વભરના શ્રીસંઘો
# સમક્ષ મારી હૃદયવ્યથા

જિનશાસનની વર્તમાન પરિસ્થિતિ જોઈને રીતસર જીવ બળી રહ્યો છે. આપણી સંખ્યા મુટ્ઠીભર પણ નથી. બીજાઓનો આપણને સહયોગ તો નથી ઉલ્ટું એમનું પોષણ કર્યા પછી ય આપણે એમનો વિરોધ સહન કરીએ છીએ. આપણામાં ય કેટલા આપણા ? એ યક્ષપ્રશ્ન છે. ટૂંક સમયમાં આપણા તીર્થો, દેરાસરો, ઉપાશ્રયો, ધાર્મિક સ્થાવર-જંગમ મિલકતો-આમાંથી કશું પણ આપણું ન રહે એવા લક્ષણો દેખાઈ રહ્યા છે.

કેટલાક એવા યુવાનો છે જેઓ લોહી-પાણી એક કરીને સઘન તીર્થરક્ષા માટે પુરુષાર્થ કરી રહ્યા છે. તીર્થ બચાવવું એ દેવદ્રવ્યનો ઉપયોગ કરવા માટેનું ઉત્કૃષ્ટ ખાતુ હોય છે. પ્રભુની આભૂષણાદિ ભક્તિ, જિનાલયનું નવનિર્માણ કે તીર્થના જિર્ણોદ્ધાર કરતા પણ તીર્થની રક્ષા

એ વધુ મહત્ત્વપૂર્ણ વસ્તુ હોય છે. માટે જ એનું ફળ પણ અનંતગણું કહ્યું છે - **रक्षयाऽनन्तगुणं भवेत् ।**

**વ્યથા પરની વ્યથા એ છે કે એ શાસનપ્રેમી યુવાનો એવી વિશિષ્ટ સંપન્નતા ન હોવા છતાં ગાંઠના રૂપિયા વાપરીને કે સહજ જે મળ્યું - એમાંથી તીર્થરક્ષાનો પરિશ્રમ કરે છે.** એક બાજુ કરોડો રૂપિયા પડ્યા રહ્યા હોય, એના વહીવટના નામના ખુરશીના ઝગડા ચાલતા હોય, ગમે ત્યારે એ સંપત્તિ આંચકી શકાય તેમ હોય, કેટકેટલા અતિ અતિ વિશિષ્ટ સંપન્ન શ્રાવકો વિદ્યમાન હોય, ને બીજી બાજુ એ યુવાનોને આટલું મહત્ત્વપૂર્ણ કાર્ય કરવામાં કોઈ સહયોગ ન હોય એ કેવું ?

હું પૈસામાં પડતો નથી, યુવાનો તો મારી પાસે તીર્થરક્ષાના શાસ્ત્રીય માર્ગદર્શન માટે જ આવે છે. એમને મારી પાસેથી આર્થિક અપેક્ષા પણ નથી. **પણ હું એટલું તો સમજી શકું ને ? કે જો સંઘો ને શ્રીમંતો પડાપડી**

**કરીને જો આમાં લાભ ન લે, તો તેઓ ઘોર દોષના ભાગી થઈ રહ્યા છે.**

હાથ નથી હું લંબાવવાનો કે નથી એ યુવાનો લંબાવવાના. મારી પાસે તો પૈસા આપવા આવશો જ નહીં. ને એ યુવાનો તમારી પાસે દાન માંગવા આવવાના નથી. મારે એમના નામ પણ આપવા નથી.

મને ખબર છે કે મારી પાસે માર્ગદર્શન માટે આવે છે, તેટલા જ યુવાનો તીર્થરક્ષામાં લાગેલા છે એવું નથી. ઘણાને તો હું ઓળખતો પણ નથી. સકલ શ્રીસંઘોને અને વિશિષ્ટ સંપન્ન શ્રાવકોને મારી ભલામણ છે કે તમારા દેવદ્રવ્યનો/સંપત્તિનો મોટો ભાગ તીર્થરક્ષા માટે ફાળવો. **યા જો તીર્થરક્ષા થઈ જ નહીં ને યા જો ટાંચા સાધનોથી થઈ ને છતું દ્રવ્ય એમાં કામ ન લાગ્યું તો ઘોર દોષના ભાગી થવાશે.** સંઘ પાસે ફક્ત ૫ લાખ રૂ. ફાળવવા માટે હોય. યા નિર્માણમાં ફાળવી શકાય એમ હોય, યા

જીર્ણોદ્ધારમાં ફાળવી શકાય એમ હોય ને યા રક્ષામાં ફાળવી શકાય એમ હોય, તો શાસ્ત્રીય રીતે અને વ્યવહારિક રીતે રક્ષામાં ફાળવવું એ જ ઉચિત હોય છે. બધે ફાળવવાની શક્તિ હોવા છતાં 'રક્ષા' ખાતે ન જતું હોય તો આડકતરી રીતે આપણે તીર્થનાશમાં નિમિત્ત બની રહ્યા છીએ. **ઊભું કરવું ને સાચવવું નહીં, તો ઊભું કરવાનો મતલબ શું ? 'રક્ષા'માં ન ફાળવો તો નિર્માણ-જીર્ણોદ્ધારમાં ફાળવવાનો મતલબ શું ?**

સંઘાગ્રણીઓ અને વિશિષ્ટ સંપન્ન શ્રાવકોને મારી ભલામણ છે - 'રક્ષા' માટે સતત વિશિષ્ટ ફાળવણી કરતા રહો. તે માટે તેવા શાસનપ્રેમીઓને જહેમતપૂર્વક શોધતા રહો. આવા કાર્યની અરજી ય નથી હોતી ને પહોંચ પણ નથી હોતી. હા, વિશ્વસનીયતા રહે ને અપવ્યય ન થાય એ માટે તમે પોતે સાઈટ પર જઈને સ્વહસ્તે આપી શકો યા ફોટા વગેરે માંગી શકો.